# સૌરાષ્ટ્ર યુનિ.ના બી.કોમ. સેમ-૨ના પરિણામમાં ૫૦ ટકા છાત્રોને નાપાસ કરાતા કોંગ્રેસ દ્વારા રજિસ્ટ્રારને આવેદન



## વિદ્યાર્થીઅંના ભાવી સાથે ચેડા કરનાર અધ્યાપકો સામે પગલા લેવા જરૂરી : પરિણામ પરત ખેચી નવું પરિણામ જાહેર કરવા માંગ

રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા લેવાયેલ બી.કોમ. સેમ-૨ની પરીક્ષામાં ૫૦ ટકા વિદ્યાર્થીઓને નાપાસ કરાતા દેકારો બોલી જવા પામેલ છે. નાપાસ કરાયેલા આ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવી પર હાલ પ્રશ્નાર્થ મૂકાય જવા પામેલ છે.

સૌ.યુનિ. દ્વારા ગત તા.૨૧થી ૩૦ એપ્રીલ દરમિયાન આ પરીક્ષા દરમિયાન આ પરીક્ષા લેવામાં આવી હતી. ૧૭ હજાર વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી જેનું પરિણામ યુનિ. દ્વારા સાડા ત્રણ માસ બાદ જાહેર કરાયું છે.

જેમાં પણ ૫૦ ટકા વિદ્યાર્થીઓને નાપાસ કરાતા આ મામલે આજે કોંગ્રેસના ઝોનલ પ્રવકતા રોહિતસિંહ રાજપૂતએ વિદ્યાર્થીઓ સાથે યુનિ.ના રજીસ્ટ્રારને આવેદનપત્ર સુપ્રત કરી બી.કોમ.-૨નું આ પરિણામ પરત ખેંચી નવેસરથી પરિણામ જાહેર કરવા માંગણી કરવામાં આવી છે. જો આ બાબતે પગલા ન લેવાય તો ભૂખ હડતાલની ચિંમકી આપવામાં આવી છે.

રોહિતસિંહ રાજપુતએ જણાવેલ છે કે આ પરીક્ષાના પેપર ચેકીંગમાં છબરડાં સામે આવ્યા છે. બી.કોમ. સેમેસ્ટર-૨માં બિઝનેસ એકાઉન્ટીંગ અને ફાઈનાન્સિયલ એકાઉન્ટીંગ એમ ૨ વિષયમાં ૫૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેમાં કેટલાક ટોપર્સ વિદ્યાર્થીઓ પણ છે કે જેઓને અન્ય વિષયમાં ૭૦ થી વધુ માર્ક્સ છે. જેથી અધ્યાપકો દ્વારા પેપર ચેકીંગમાં ગંભીર બેદરકારી દાખવી વિદ્યાર્થીઓને ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે પેપર ચેકીંગમાં ગોટાળા કરતા અધ્યાપકો સામે કડક દંડ અને સજા સહિતની કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી છે.

વિદ્યાર્થી નેતા અને ગુજરાત કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, બી.કોમ.સેમ-૨ના પરિણામમાં બિઝનેસ એકાઉન્ટીંગ અને ફાઈનાન્સિયલ એકાઉન્ટીંગમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ફેઈલ થયા છે. જેથી તાકીદે પરિણામ પરત ખેંચીને ફરીથી પેપર મૂલ્યાંકન થવું જોઈએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નવા નિમણૂક પામેલા પરીક્ષા નિયામક માત્ર સિદ્ધાંતોની વાતો કરે છે પણ વાસ્તવમા હજુ કોઈ પરીક્ષા વિભાગમા ફેર નથી પડ્યો.

વિદ્યાર્થીઓ દિવસ - રાત મહેનત કરી પરિક્ષાઓ આપે છે અને તે બાદ બાદ ઉત્તરવહીનું મૂલ્યાંકન આડેધડ જ થાય છે. અમને મળેલી માહિતી પ્રમાણે ઉત્તારવહીનું મૂલ્યાંકન કરતા અધ્યાપકોનુ આપવામાં આવતું ભથ્થું છેલ્લા ઘણા સમયથી બાકી છે એટલે કોઈ પેપર મૂલ્યાંકન કરવા આવતા નથી તે શરમજનક છે."

તેમણે જણાવ્યું છે કે, યુનિવર્સિટીના કુલપતિ ડો.ઉત્પલ જોશીને સંઘના અને ભાજપના કાર્યક્રમો પાછળ તાયફાઓ કરવાના પૈસા છે પણ વિદ્યાર્થીઓના પરિણામો સાથે સંકળાયેલ ગંભીર મુદ્દે પૈસા નથી આપતા તે કેટલું વ્યાજબી? પરીક્ષાઓના પેપર મૂલ્યાંકન માટે જે ૧૦ કો - ઓર્ડિનેટરો નિમ્યા છે.

તે બધા કુલપતિના મળતિયાઓ અને ચોક્કસ જ્ઞાતિના છે જેની પાસે વહીવટી આવડત નથી એટલે પરીક્ષાઓમાં પરિણામોમાં લાલીયાવાડી ચાલે છે.કુલપતિશ્રીએ જ્ઞાતિવાદ અને પક્ષવાદ માંથી ઉપર આવી વિદ્યાર્થીલક્ષી કાર્યોમા ગંભીરતા દાખવવી જોઈએ તેમ તેઓએ જણાવેલ છે.

# રાજકોટ જિલ્લામાં એક માસમાં ૩૩ આંગણવાડી માટે જમીન ફાળવતા કલેકટર

## સૌથી વધુ ધોરાજી તાલુકામાં ૨૨ આંગણવાડીને જમીનની ફાળવણી : ૮૭૮ કેન્દ્રોનું નવીનીકરણ



રાજકોટ, રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા વિવિધ યોજનાઓનું સફળ અમલીકરણ કરાઈ રહ્યું છે. આ સાથે વહીવટી પ્રક્રિયાને ગતિશીલ બનાવીને માળખાકીય સુવિધાઓના કામોને વેગ અપાઈ રહ્યો છે. કલેક્ટરના દ્વારા છેલ્લા એક માસમાં જિલ્લાની ૩૩ આંગણવાડીઓને જમીન ફાળવવામાં આવી છે.

રાજકોટ (ગ્રામ્ય) જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજના વિભાગ દ્વારા બાળકો અને માતાઓના કલ્યાણ તેમજ પ્રાથમિક શિક્ષણને વધુ મજબૂત કરવા માટે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે આંગણવાડી કેન્દ્રોનું નવીનીકરણ કરીને વધુ સુવિધાજનક અને મજબુત બનાવવામાં આવી રહ્યા છે. આ સાથે આંગણવાડીઓની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. તાજેતરમાં એપ્રિલથી જૂન દરમિયાન વધુ ૨૯ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

જ્યારે આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ અંતર્ગત રાજકોટ જિલ્લાના ૮૭૮ આંગણવાડી કેન્દ્રમાં નવીનીકરણ કરવામાં આવ્યું છે. જેમાં દરમિયાન જિલ્લામાં વિવિધ આંગણવાડીઓના જમીનનો પ્રશ્ન જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના ધ્યાને આવ્યો હતો. આથી તેમણે વિવિધ પ્રાંત અધિકારીઓને આંગણવાડીઓને વહેલીતકે જમીન ઉપલબ્ધ કરાવવા ખાસ ઝુંબેશ હાથ ધરવા નિર્દેશ આપ્યો અને આ પ્રશ્નનો સત્વરે નિકાલ લાવવા સૂચના આપી હતી.

આ સાથે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના સીધા માર્ગદર્શન તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલ, સ્થાનિક સ્તરે પ્રાંત અધિકારીઓના સક્રિય સહયોગ અને આઈ.સી.ડી.એસ.ના વિવિધ અધિકારીઓના પ્રયાસોથી મિશન મોડમાં કામગીરી કરીને આંગણવાડીની જમીન અંગેની સમસ્યાનું માત્ર એક જ મહિનામાં નિરાકરણ લાવવામાં આવ્યું છે.

કુલ ૩૩ આંગણવાડી કેન્દ્રોને જમીન ફાળવવામાં આવી છે. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન ધોરાજી તાલુકામાં પ્રાંત અધિકારી નાગાજણ તરખલાએ વિશેષ કવાયત હાથ ધરીને આંગણવાડી ૨૨ કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ કરાવી હતી. જ્યારે જસદણ તાલુકામાં પ્રાંત અધિકારી રાહુલ ખાંભરા દ્વારા અગાઉ નગરપાલિકા વિસ્તારમાં આવેલા જમીનવિહોણા ૧૦ કેન્દ્રોમાંથી ૬ કેન્દ્રો માટે જમીન ફાળવવામાં આવી છે.

જેતપુર તાલુકામાં અગાઉ નગરપાલિકા વિસ્તારમાં આવેલા જમીન વિહોણા ૦૫ કેન્દ્રોમાંથી ૪ કેન્દ્રો માટે જ્યારે ગોંડલ તાલુકામાં અગાઉ ગ્રામ્ય વિસ્તારમાં આવેલા જમીન વિહોણા એક આંગણવાડી કેન્દ્ર માટે પણ જમીનની ફાળવણી કરવામાં આવી છે. આમ, કુલ ૩૮માંથી ૩૩ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ઘ થતાં સુવિધાજનક આંગણવાડીઓના નિર્માણનો માર્ગ મોકળો થયો છે. જ્યારે બાકી રહેલા માત્ર ૦૫ કેન્દ્રો માટે પણ વહીવટી તંત્ર દ્વારા પ્રક્રિયા શરૂ છે.

# રાજકોટ જૈન સોશ્યલ ગ્રુપ -સંગીની એલીટ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

રાજકોટ, રાજકોટ ઝોન પરિવાર સંકલિત જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ એલીટ અને એલીટ સંગીની પ્રાયોજીત સતત સાતમા વર્ષે પણ મેગા બ્લયડ ડોનેશન કેમ્પનું આયોજન ગત તા.૧૬ ઓગષ્ટ ૨૦૨૬નાં રોજ જનકલ્યાણ હોલ, રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમા મુખ્ય દાતાશ્રી અદાણી ફુડનાં જીતુભાઈ અદાણી, મહાવીરભાઈ અદાણી અને સિધ્ધાર્થભાઈ અદાણી તથા અદાણી પરિવાર (અદાણી મસાલા) તેમજ સહયોગી દાતાશ્રી જૈલેશભાઈ મહેતા પરિવાર, ફેડરેલ બેક્ર, હીતેશભાઈ મહેતા પરિવાર, નીતીનભાઈ કામદાર (જુલીયાના), માતુશ્રી રંજનબેન જયસુખલાલ પટેલ, જીજ્ઞેશભાઈ ખખ્ખર (રેશમ), ડો.ભટ્ટ લેબોરેટરી દ્વારા ડીસ્કાઉન્ટ કુપન તેમજ લક્કી ડ્રો દ્વારા ૪૩ ભાગ્યશાળી રકતદાતાને ઈનામ આપવામાં આવેલ હતા.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમા સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેન સેજલભાઈ કોઠારી, ફેડરેશનનાં ઉપપ્રમુખ મનીષભાઈ દોશી, ફેડરેશન જોઈન્ટ્ સેક્રેટરી ડો.ચેતનભાઈ વોરા, આઈ.ડી. નીલેશભાઇ કામદાર, ફેડરેશન પૂર્વ પ્રમુખ હરેશભાઈ વોરા, ધારાસભ્યશ્રી ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખશ્રી ડો.માધવ દવે, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, સ્ટેન્ડીંરગ કમીટી સભ્યશ્રી ધૈર્યભાઈ પારેખ, શ્રી જીતુભાઈ કોઠારી, રાજુભાઈ બાટવીયા, હિતેશભાઈ મહેતા, શૈલેષભાઈ પાંઉ, અનીષભાઈ વાધર, અમીષભાઈ દેશાઈ - તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલ, ડો.દિપકભાઈ મહેતા, ડો.કુમુદભાઈ પટેલ, બોલબાલા ટ્રસ્ટ પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહયા હતા.

# શનિવારે રાજકોટમાં રામનાથ મહાદેવ ધ્વજારોહણ સમિતિ ધ્વારા ધ્વજારોહણ

## ધ્વજારોહણ યાત્રામાં વિવિધ જ્ઞાતિ-સંસ્થા-મંડળો જોડાશે : કિશોરસિંહજી સ્કુલથી વાજતે ગાજતે પ્રસ્થાન કરાશે

રાજકોટ, રાજકોટ શહેરના રાજા સ્વંયભૂ શ્રીરામનાથ મહાદેવ આજી નદીના પટમાં આશરે ૪૫૦ વર્ષથી બીરાજે છે. શ્રાવણમાસ દરમ્યાન લાખો ભાવિકો દાદાના દર્શન કરી મન પવિત્ર કરી આત્માનું કલ્યાણ કરે છે. શ્રી રામનાથ મહાદેવ ધ્વજારોહણ સમિતિ ધ્વારા સતત ઓગણીસ (૧૯) વર્ષ થયા દર શ્રાવણ માસમાં વાજતે ગાજતે રામનાથ મહાદેવને ધ્વજારોહણ કરવામાં આવે છે. જેની શરૂઆત ઓગણીસ વર્ષ પુર્વે ભાઈશ્રી સ્વ.બફુલભાઈ વોરાએ શરૂઆત કરેલ હતી.

આ વર્ષે પણ ધ્વજારોહણ યાત્રા તા. ૨૨/૦૮/૨૦૨૬ ના શનિવારે આયોજીત કરવામાં આવેલ છે. શનિવારે રાત્રે ૯ કલાકે ધ્વજારોહણ સમિતિ ધ્વારા કિશોરસિંહજી સ્કુલ, કોઠારીયા નાકાથી વાજતે ગાજતે ધ્વજા યાત્રાનો પ્રારંભ થશે.

જે યાત્રા પણ સામાજીક સમરસતાનાં માધ્યમ સાથે દલીત સમાજ તથા વાલ્મીકી સમાજના બહેનો ધ્વારા દાદાની ધ્વજા માથે ચડાવી શરૂઆત કરે છે. યાત્રાની અંદર અંદાજે એકાવન કરતાં વધારે સમાજીક સંસ્થાઓ તથા અનેક વિધ સમાજ પણ સાથે જોડાય છે. આમ રામનાથપરાના દરેક રહેવાસી આ યાત્રામાં જોડાઈને પોતાને નસીબદાર ગણે છે.

યાત્રા એકદમ શિસ્ત સાથે નીકળે છે. આગળ હિન્દુ સંસ્કતિનું ચિન્હ ભગવા ધ્વજની આગેવાનીમાં આ યાત્રાની શરૂઆત થાય છે.યાત્રાની અંદર આવતા દરેક વ્યાકિત ધર્મધ્વજની પાછળ ચાલીને યાત્રા સંપન્ન કરે છે. યાત્રામાં ડી.જે.નું પણ આકર્ષણ રાખવામાં આવે છે. જેમાં શિવજીનાં ભજનો વગાડવામાં આવે છે અને ભાવિકો ભક્તિમય હર્ષ સાથે જેમ જીવમાં શિવ ભળે તેમ નાચ-ગાન કરતાં હોય છે.

આ યાત્રામાં મુખ્ય ધ્વજા ઉપરાંત અનેકવિધ સંસ્થા ધ્વારા પણ ધજા ચડાવવામાં આવે છે. આ વખતે એકી સાથે અગીયાર(૧૧) ધ્વજા અત્યાર સુધીમાં નોંધાઇ છે. નોંધણી હજુ ચાલુ છે. જેમાં નેપાળી સમાજ, શ્રીપાર્ક સોસાયટી મોરબી રોડ, થેલેસીમીયા સોસાયટી, મહાદેવ ગળપ દુધસાગર રોડ, કોબીયા પરીવાર, બ્રાહમણ સમાજ, વણકર સમાજ, ખાટ સમાજ, મામા સાહેબ ચેરીટેબલ ટ્રસ્ટય, બાલાજી મીત્ર મંડળ, દલિત સમાજ, બાલકૃષ્ણ ગ્રુપ, કેવલભાઈ પાટડીયા, કૌશીકભાઈ દવે, વિજયભાઈ ઝાલા, વિરેન્દ્રભાઈ ચૌહાણ, કાપડી પરિવાર આ સાથે અલગ-અલગ સંસ્થા તથા અલગ-અલગ સમાજના લોકો સાથે રામનાથદાદાની ધ્વજા પણ ચડાવવામાં આવશે.

યાત્રાને આર્કપક બનાવવા માટે ભરવાડ સમાજના યુવાનો લાઠીદાવ કરે છે તે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. યાત્રા કિશોરસિંહજી સ્કુલથી શરૂ થઈ ગરૂડ ગરબી ચોકથી રામનાથપરા મેઈન રોડ પરથી પસાર થઈ રામનાથ મહાદેવ મંદિરે પુર્ણ થશે. યાત્રાની વિશેષ માહિતી માટે નિલેષભાઈ વોરા મો.૯૮૨૪૨ ૮૫૪૫૫, કલ્પેશભાઈ ગમારા મો.૮૧૨૮૮ ૮૮૮૩૫, વિરાજભાઈ મડીયા મો.૯૪૨૬૪ ૬૨૧૬૭નો સંપર્ક કરી શકાશે.

આ યાત્રાને સફળ બનાવવા માટે કોર કમીટીની રચના કરવામાં આવી છે. જેમાં ભરતભાઈ ત્રિવેદી, વિનય જોષી, કિરીટભાઈ પાંધી, યશભાઈ રાઠોડ, ભરતભાઈ મહેતા વગેરે સેવા આપી રહ્યા છે. યાત્રામાં જોડાવા માટે રાજકોટની ધર્મપ્રેમી જનતાને શ્રી રામનાથ મહાદેવ ધ્વજારોહણ સમિતિ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

# રાજકોટમાં સનાતન હિન્દુ ધર્મના ૧૬ સંસ્કાર પુસ્તક વિમોચન -સન્માન કાર્યક્રમ યોજાયો



રાજકોટ, પિરામિડ પબ્લિકેશન દ્વારા આયોજિત લેખક વિપુલભાઈ પરમારના ૧૬માં પુસ્તક '૧૬ સંસ્કાર' નું અને ૧૬ ઓગસ્ટે લોકાર્પણ અને સન્માન સમારોહ રવિવારે રાજકોટના કાલવાડ રોડ સ્થિત બોલબાલા સેવા સદન ખાતે ભવ્યતાપૂર્વક યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત ભક્તિમય વાતાવરણમાં પ્રાર્થનાથી કરવામાં આવી હતી.પુસ્તક વિમોચન પૂર્વે યોજાયેલું દીપ પ્રાગટ્ય કાર્યક્રમનું કેન્દ્રબિંદુ બની રહ્યું.

આ અવસરે વિપુલભાઈની અનોખી પરંપરા મુજબ, પ્રથમ જ્યોત તેમના પૂજનીય માતાશ્રીના હસ્તે પ્રગટાવવામાં આવી હતી, જે ઉપસ્થિત સૌના દિલ જીતી ગઈ. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો અને ઉપસ્થિત સૌ મહેમાનોએ દીપ પ્રાગટ્યમાં જોડાઈ કાર્યક્રમને મંગલમય શરૂઆત આપી હતી.

# શનિવારે રાજકોટમાં શ્રી કામનાથ મહાદેવનો ૭૭મો પાટોત્સ્વઃ વરણાંગી

## ઢોલના નાદ,શરણાઈના સૂર, ડમરુ વાદનની ભક્તિ અને ભવ્ય ઝાંખીઓ સાથે નીકળશે : લઘુરુદ્રાભિષેક પૂજન

રાજકોટ, આશરે ૧૪૭ વર્ષ જૂના આ પવિત્ર ધામનો ૭૭મો પાટોત્સવ તા. ૨૨ ઓગષ્ટ , શનિવારે ભવ્યતા અને ભક્તિભાવ સાથે ઉજવાશે. સવારે મહાદેવને લઘુરુદ્રભિષેક, ષોડશોપચાર પૂજન અને વિશેષ ધાર્મિક વિધિઓ અર્પણ થશે, તો બપોર પછી આખું રાજકોટ ''હર હર મહાદેવ''ના નાદથી ગુંજી ઉઠશે. બપોરે ૨ વાગ્યે શ્રી કામનાથ મહાદેવ મંદિરેથી ભવ્ય વરણાંગી પ્રસ્થાન કરશે. પરાબજાર, ધર્મેન્દ્ર રોડ, સાંગણવા ચોક, રાજશ્રી સિનેમા, આશાપુરા મંદિર અને કોઠારિયાનાકા થઇ વરણાંગી ફરી મંદિર પરત ફરશે.

આ વરણાંગી માત્ર શોભાયાત્રા નહીં, પરંતુ લોકકલા અને સંસ્કૃતિનો જીવંત ઉત્સવ બની રહેશે. રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જામખંભાળિયાનું આંબાવાડી કલાવૃંદ, પ્રખ્યાત ડમરુવાદન, પ્રખ્યાત અઘોરી ગૃપ, નાસિક ઢોલ, ગઢુના શરણાઈ વાદકો, રાસ-ગરબા મંડળીઓ, લોક કલાકારો અને વિશિષ્ટ વિષય આધારિત ઝાંખીઓ વરણાંગીને અનોખી રંગત આપશે. ઢોલના ધબકાર સાથે ભક્તિં ધબકશે, શરણાઈના સૂરમાં શ્રદ્ધા વહેશે, કામનાથ મહાદેવના જયઘોષથી રાજકોટ શિવ શંભુમય બનશે.

શ્રી કામનાથ મહાદેવની સેવા અને પાટોત્સવની પરંપરાને વર્ષોથી કક્કડ પરિવાર અખંડ શ્રદ્ધા સાથે આગળ ધપાવી રહ્યો છે. સ્વ. વિઠ્ઠલજીભાઇ કક્કડનું ભક્તિમય જીવન - ધાબળો ઓઢીને, એક પગે ઉભા રહી ભોળાનાથનું ધ્યાીન ધરતા, સ્વ. વિઠ્ઠલજીભાઇની અદમ્યં શિવભક્તિથી પ્રેરાયેલો આ સેવાયજ્ઞ આજે શ્રી પ્રિયવદનભાઇ શાંતિલાલ કક્કડ, અવધભાઇ પ્રિયવદનભાઇ કક્કડ અને સમગ્ર કક્કડ પરિવારના પ્રયાસોથી વધુ ઉજ્જ્વળ બની રહ્યાનું જણાવાયું છે. શિવભક્તોાને લાભ લેવા શ્રી કામનાથ મહાદેવ મંદિર, કક્કડ પરિવાર તરફથી સૌ નગરજનોને આમંત્રણ અપાયું છે. વધુ માહિતી માટે કેતનભાઇ દવે-મો. ૯૮૯૮૦૪૫૭૩૦નો સંપર્ક કરી શકાય છે.

# શનિવારે રાજકોટ પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા ત્રાટક વર્કશોપનું આયોજન

રાજકોટ, પ્રોજેક્ટ લાઈફ', રેસકોર્સ રિંગ રોડ, રાજકોટ ખાતે ૨૨ ઓગસ્ટ ૨૦૨૬, શનિવારના રોજ આયુષ મંત્રાલય દ્વારા પ્રમાણિત યોગ શિક્ષક રાજીવ કુમાર મિશ્રા દ્વારા ત્રાટક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વર્કશોપનો સમય સવારે ૭.૦૦ થી ૮.૩૦ અને સાંજે ૫.૦૦ થી ૬.૩૦ નો રહેશે.

ત્રાટક એ યોગ અને ધ્યાનની એક મહત્વપૂર્ણ સાધના છે, જેમાં નિશ્ચિત બિંદુ અથવા દીવાની જ્યોત પર એકાગ્રતાપૂર્વક દૃષ્ટિ કેન્દ્રિત કરવામાં આવે છે. નિયમિત અભ્યાસ દ્વારા એકાગ્રતા અને ધ્યાનમાં સુધારો, આંખોના સ્નાયુઓની મજબૂતી, યાદશક્તિમાં વધારો, તણાવમાં ઘટાડો, માનસિક સ્પષ્ટતા તેમજ આંતરિક જાગૃતિ વિકસાવવામાં મદદ મળી શકે છે.આ વર્કશોપમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નં. ૮૫૧૧૩૩૧૧૩૩ પર સંપર્ક કરવો.

# પેડલ મારો, જીવન બદલોઃ રાજકોટ સાયકલ ક્લબમાં નવું સભ્યપદ વર્ષ શરૂ

રાજકોટ, રાજકોટ શહેરની ફિટનેસ અને સાયકલિંગ પ્રેમીઓની અગ્રણી સંસ્થા રાજકોટ સાયકલ ક્લબ (આરસીસી) એ સફળતાપૂર્વક વર્ષ પૂર્ણ કર્યા છે. સમગ્ર ભારતમાં સાયકલિંગ અને ફિટનેસ ક્ષેત્રે અત્યંત સક્રિય એવી આ ક્લબની વિશિષ્ટ કામગીરીની નોંધ લઈને દેશના માનનીય વડાપ્રધાન દ્વારા પણ તેની સરાહના કરવામાં આવી છે. દ્વારા તારીખ ૧૫ ઓગસ્ટથી નવા વર્ષની સભ્યપદ નોંધણીનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

ક્લબ દ્વારા આયોજિત સાયકલોફન (આરસીસી) ઈવેન્ટ વૈશ્વિક સ્તરે લોકપ્રિય બની છે. આ ઉપરાંત પ્રોફેશનલ રાઈડર્સ માટે લાંબા અંતરની સાયકલોમાઈલ્સ અને વિશિષ્ટ ડ્યુએથલોન જેવી સ્પર્ધાઓનું પણ નિયમિત આયોજન કરવામાં આવે છે. ક્લબમાં ૧૯થી ૭૭ વર્ષ સુધીના પુરુષ અને મહિલા રાઈડર્સ જોડાયેલા છે, જેઓ દૈનિક ૨૫થી ૭૫કિલોમીટર સુધીની ગ્રુપ રાઈડ્સમાં ભાગ લે છે. ક્લબ સાથે જોડાઈને અનેક સભ્યોએ સ્વાસ્થ્ય સુધારી તંદુરસ્ત જીવનશૈલી અપનાવી છે. વધુ માહિતી માટે રોટરી મિડટાઉન લાઈબ્રેરી, અમીન રોડ, રાજકોટ ખાતે સંપર્ક કરવો.

# મીઠાઘોડાની ગુમશુદા યુવતીની જાણકારી આપવા અંગે

રાજકોટઃસુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના મીઠાઘોડા ગામની યુવતી આરતીબેન બળદેવભાઈ ઝીઝુવાડીયા ગત તા. ૨૬ જુલાઈના રોજ રાત્રે ૧૦ કલાકથી તા.૨૭ જુલાઈના રોજ સાંજે ૪ કલાક દરમિયાન પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી છે. તેમની ઊંચાઈ આશરે ૦૪ ફૂટ ૦૮ ઈંચ, બાંધો મધ્યમ, ચહેરો ગોળ, રંગ ઘઉંવર્ણો, વાળનો રંગ કાળો અને આંખોનો રંગ કાળો છે. તેઓ ગુમ થયા ત્યારે મરૂન ટીશર્ટ તથા કાળી લેગિન્સ પહેરી હતી અને તેઓ ગુજરાતી ભાષા જાણે છે. આ ગુમશુદા યુવતી અંગે કોઈને પણ જાણકારી મળે તો ઝીઝુવાડા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષકની કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પેન્શન ચૂકવણા કચેરીનું પુનઃ સ્થળાંતર ; ૨૪ ઓગસ્ટથી મૂળ જગ્યાએ કાર્યરત થશે

રાજકોટઃ રાજકોટ સ્થિત સેવા સદન-૨, બહુમાળી ભવનના ગ્રાઉન્ડ ફ્લોર, એનેક્ષી બિલ્ડીંગ ખાતે હાથ ધરાયેલી હોરીઝોન્ટલ એક્સપાન્શન અને રીનોવેશનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે. જેથી ગુજરાત રાજ્યની સેવામાંથી નિવૃત્ત થયેલા જિલ્લાના તમામ પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને સેવા આપતી 'પેન્શન ચૂકવણા કચેરી' જે હાલ કામચલાઉ ધોરણે બહુમાળી ભવન-૨માં ૭મા માળે કાર્યરત છે, તેને ફરી તેની મૂળ જગ્યાએ ગ્રાઉન્ડ ફ્લોર પર ખસેડવામાં આવી રહી છે.

સ્થળાંતરની કામગીરી તા ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ થશે. ત્યારબાદ સોમવાર,તા.૨૪ ઓગસ્ટથી કચેરીનુંસમગ્ર વહીવટી કામકાજ ગ્રાઉન્ડ ફ્લોર ખાતેની મૂળ જગ્યાએથી રાબેતા મુજબ શરૂ થઈ જશે. આ ફેરફારની સર્વે અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા તમામ પેન્શનરોએ ખાસ નોંધ લેવા પેન્શન ચૂકવણા અધિકારીશ્રી પી. એમ. જાડેજાની યાદીમાં જણાવાયું છે.

